For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

હવે ફરિયાદ કોને કરવી? એસએમસીની બહાર જ આ હાલત

■ ચોકબજાર સ્થિત સુરત મનપાની મુખ્ય કચેરી પાસે, ચીફ ફાયર ઓફીસરની ઓફીસની સામે રસ્તા પર ભુવો પડતા સુરત મનપાનુ તંત્ર દોડતુ થઇ ગયું હતું. અંદાજે 6 થી 7 ફૂટ ઊંડા આ ભૂવામાં કોઇ પડી ન જાય તે માટે ભુવાની આસપાસ બેરીકેડ લગાવી દેવાયા હતા. ત્યાર બાદ મનપાના તંત્ર દ્વારા તાકીદના ધોરણે માટી પુરાણ કરી ખાડો પુરી દેવાયો હતો તેમજ વોટરીંગ પણ કરાયુ હતું. મનપાના તંત્ર દવારા પહેલા પહેલા એવો ખુલાસો કરાયો હતો કે, મેટ્રોની ટનલ નજીક હોવાથી જમીનની પ્લેટ ખસી હોવાથી આ ભુવો પડી રહ્યા છે. અગાઉ માછલીપીઠ ખાતે પણ મેટ્રોની ટનલના કારણે ભુવા પડયા હતો જો કે મેટ્રેના અધિકારીઓએ આ વાતને રદીયો આપતા જણાવ્યું હતું કે, આ ભુવો પડયો ત્યાથી મેટ્રોની ટનલ 300 મીટર દૂર છે. તેની અસર મુઘલસરાય સુધી ના થઇ શકે. 20 મીટરની ત્રીજયામાં આવુ કઇ થયુ હોય તો કદાય મેટ્રોના કારણે હોય છે. **(તસવીરઃ સતીષ જાદવ)**

પૂજા સામગ્રી સાથે ભૂલમાં બે લાખ નહેરમાં પધરાવી દીધા

પૂણા રોડ વિસ્તારની ઘટના, લાશ્કરોએ પાણીમાંથી રોકડ શોધી પરિવારને પરત કરી

સુરતઃ પુણા રોડ વિસ્તારમાં એક અજબ ઘટનામાં પૂજા સામગ્રી સાથે ભૂલથી 2 લાખ રૂપિયાની રોકડ રકમ કેનાલમાં પધરાવી દેવામાં આવી હતી. ડુંભાલ ફાયર સ્ટેશનની ટીમે ભારે જહેમત બાદ પાણીમાં ડુબકી મારી રકમ શોધી પરિવારને સલામત રીતે પરત કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, પુણાંગામ રોડ પર નિજાનંદ સોસાયટીમાં રહેતા લિંબા પરિવાર દ્વારા થોડા દિવસ પહેલા ઘરમાં ધાર્મિક વિધિ અને પૂજા કરવામાં આવી હતી. તેની સામગ્રી અને ફૂલોને તેમણે કબાટની અંદર તિજોરી પાસે જ રાખી દીધા હતા.

શુક્રવારે બપોરે પરિવારના સભ્યોએ તે સામગ્રી એકત્ર કરીને પ્લાસ્ટિકની થેલીમાં ભરી પુણા રોડ પર અમેઝિયા ટાવર પાસે કેનાલમાં પધરાવી દીધી હતી. જો કે ઘરે પરત આવ્યા બાદ જ્યારે તેમણે તિજોરી તપાસી ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે, તિજોરીમાં રાખેલી રોકડ 2 લાખ રૂપિયાની રકમ પણ ભૂલથી ફૂલો સાથે જ થેલીમાં ચાલી ગઈ હતી અને કેનાલમાં પધરાવી દેવામાં આવી હતી.

ચિંતાતૂર પરિવારજનોએ તરત જ ફાયર કંટ્રોલને જાણ કરી હતી. ડુંભાલ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

ફાયર સબ ઓફિસર સુનિલ ચૌધરીએ જણાવ્યું હતું કે ફાયર બ્રિગેડના માર્શલોએ કેનાલમાં ઉતરીને પાણીમાં ડુબકી મારી શોધખોળ શરૂ કરી હતી. પાણીના પ્રવાહ વચ્ચે પણ

...અનુસંધાન પાના ૯ પર

T20 ફાઇનલ માટેની તેજસ બુકિંગ ખૂલતાની સાથે જ ફુલ

રેલવે વિભાગે બંને ટ્રેનોમાં 3-3 કોચ વધારવા પડ્યા

આટલા કોચ વધારવા પડ્યા

સેકન્ડ એસી (2nd AC): પહેલા માત્ર 5 કોચ નક્કી કરવામાં આવ્યા હતા, જે હવે વધારીને 8 કોચ કરી દેવાયા છે.
થર્ડ એ સી (3rd AC): આ શ્રેણીમાં પણ 5 કોચની સામે હવે 8 કોચ સાથે ટ્રેન દોડશે.

સુરત : આગામી રવિવારે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાનારી હાઇવોલ્ટેજ T20 વર્લ્ડ કપ મેચને લઈને ક્રિકેટ પ્રેમીઓ માં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ મેચને પગલે મુંબઈ થી અમદાવાદ આવતા પ્રેક્ષકોની સુવિધા માટે ખાસ દોડાવવામાં આવેલી 'તેજસ સ્પેશિયલ' ટ્રેન માં મુસાફરોનો ધસારો જોવા મળ્યો છે. સ્થિતિ એવી છે કે બુકિંગ શરૂ થતાની સાથે જ ટ્રેન ફૂલ થઈ ગઈ હતી, જેને પગલે રેલવે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે વધારાના કોચ જોડવાનો નિર્ણય લેવાયો છે.

અમદાવાદમાં રવિવારે યોજાનારી ટી-20ની ફાઇનલ મેચને કારણે મુંબઈ સેન્ટ્રલ થી અમદાવાદ વચ્ચે સ્પેશિયલ તેજસ ટ્રેન જાહેર કરવામાં આવી હતી. જોકે બુકિંગ ખુલતાની સાથે જ તમામ ટિકિટ બુક થઇ જતાં. લાંબુ લચક વેઇટિંગ લિસ્ટ જોવા મળ્યું હતું. જેથી ક્રિકેટ રસિયાઓ નિરાશ નહીં થાય તે માટે રેલવેએ 6 એસી કોચ જોડવાની જાહેરાત કરી હતી.

રેકોર્ડ માત્ર પીચ પર નહીં સ્ટેડિયમમાં પણ બને છે

સુલતાનાબાદના નરેન્દ્ર પટેલ ટી-20ની દરેક ફાઇનલના સાક્ષી

ફાઇનલ કોઇ પણ દેશમાં હોય નરેન્દ્ર પટેલે ત્યાંની ટિકિટ બુક કરાવી જ હોય છે

2011ના વર્લ્ડકપની તો ક્વાર્ટર, સેમી અને ફાઈનલ તમામ જોઇ હતી

ગુજરાતમિત્ર વિશેષ

એક વખત લોર્ડઝની ટિકિટ મળવાનું મુશ્કેલ થઇ ગયું હતું

નરેન્દ્રભાઇ પટેલ એક વખત ન્યૂઝીલેન્ડ અને ઇંગ્લેન્ડ વચ્ચે લોર્ડ્ઝ પર વર્લ્ડકપની ફાઇનલ હતી જે લોર્ડઝ પર રમાઇ હતી તેની ટિકિટ મળવી મુશ્કેલ થઇ ગઇ હતી. જેથી તેઓ ખૂબ દુઃખી થઇ ગયા હતા પરંતુ ગમે તેમ કરીને ટિકિટ મળી જતાં તેમની ખુશીનો પાર રહ્યો ન હતો.

સુરત : સુરત શહેર એમ તો તેની જુદી જુદી ખાસિયતો માટે દુનિયાભરમાં જાણીતું છે પરંતુ જ્યારે ક્રિકેટની વાત આવે ત્યારે આ શહેરના કાંઠાના ગામના ક્રિકેટ પ્રેમીઓને ભૂલી શકાય તેમ નથી. ત્યાંના જ એક ક્રિકેટ પ્રેમી છે નરેન્દ્રભાઇ પરભુભાઈ પટેલ (એન. પી.) તેમના નામે પણ ક્રિકેટનો એક અનોખો રેકોર્ડ છે અને તે છે મેચ નીહાળવાનો 2007થી ટી-20 વિશ્વકપ શરુ થયો ત્યારથી અત્યાર સુધીની જેટલી પણ ફાઇનલ મેચ રમાઇ છે તે તમામ તેમણે ગ્રાઉન્ડ ઉપર બેસીને નીહાળી છે.

ક્રિકેટ એવી ગેમ છે જેની દરેક મોટી ટુનમિન્ટમાં એક પછી એક રેકોર્ડ બને છે પરંતુ તે પીચ પર બને છે એવું નથી સ્ટેડિયમમાં પણ રેકોર્ડ બનતાં હોય છે પરંતુ તેના ઉપર કોઇ ધ્યાન આપતું નથી. આવો જ એક રેકોર્ડ સુરતના પર્યટન સ્થળ ડુમસની બાજુના સુલતાનાબાદ સ્થિત આંબાવાડીમાં રહેતા નરેન્દ્રભાઇ પટેલના નામે છે. તેમણે ટી-20 વર્લ્ડકપની દરેક ફાઇનલ સ્ટેડિયમમાં બેસીને

...અનુસંધાન પાના ૯ પર

બોર્ડના ધો. 10-12નાં બંને પેપરો સરળ રહ્યાં

ધોરણ 12 સાયન્સનું અંગ્રેજી અને ધોરણ 10 ગણિતનું પેપર વિદ્યાર્થીઓ માટે સરળ અને પાઠ્યપુસ્તક આધારિત રહેતા વિદ્યાર્થીઓએ વ્યક્ત કરી રાહત

આજે આ પરીક્ષાઓ લેવાશે

- ધોરણ ૧૨ સાયન્સ: અંગ્રેજી પ્રથમ ભાષા
- ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ: ગુજરાતી દ્વિતિય ભાષા, અંગ્રેજી દ્વિતિય ભાષા
- ધોરણ ૧૦માં રજા છે

સુરતઃ ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડની વર્ગ-૧૨ સાયન્સ વિભાગના અંગ્રેજી અને વર્ગ-૧૦ના મૂળભૂત ગણિત વિષયના બોર્ડ પરીક્ષા પેપર આજે વિદ્યાર્થીઓ માટે અનુકૂળ અને સરળ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. પાઠ્યપુસ્તક આધારિત પ્રશ્નો અને સંતુલિત માળખાના કારણે વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમિયાન સરળતા અનુભવી હોવાનું શિક્ષકો અને વિદ્યાર્થીઓના પ્રતિસાદમાંથી સ્પષ્ટ થાય છે. આનાથી પાસિંગ રેશિયોમાં વધારો થવાની અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

વર્ગ-૧૨ સાયન્સ અંગ્રેજીમાં 'આરોગ્ય' વિષય પર નિબંધ પુછાયો

આજે લેવાયેલા વર્ગ-૧૨ વિજ્ઞાન વિભાગના અંગ્રેજી વિષયના બોર્ડ પેપરને વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા તદ્દન સહેલું અને વિદ્યાર્થીઓ માટે અનુકૂળ ગણાવવામાં આવ્યું છે. પેપરનો મોટો પાઠ્યપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓને જવાબો લખવામાં કોઈ મુશ્કેલી પડી નથી. પાર્ટ A અને પાર્ટ Bમાં પાઠ્યપુસ્તકના ફકરાઓમાંથી સીધા અને સરળ પ્રશ્નો પૂછાયા હતા, જેના જવાબ વિદ્યાર્થીઓને તરત જ મળી ગયા. શોર્ટ નોટ્સ, એપ્લિકેશન અને નિબંધ જેવા પ્રશ્નો પણ નક્કી ફોર્મેટમાંથી પસંદ કરવામાં આવ્યા હોવાથી લખવાની પ્રક્રિયા વધુ સરળ બની હતી. પાર્ટ Aમાં ગ્રામરના ત્રણથી ચાર પ્રશ્નોમાં થોડી વિચારશીલતાની જરૂર હતી, પરંતુ સારી તૈયારી કરેલા અને હોંશિયાર વિદ્યાર્થીઓને તેમાં કોઈ વિશેષ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો નથી. એકંદરે, આ પેપરને મધ્યમથી સહેલું ગણીને વિદ્યાર્થીઓએ રાહતની ભાવના વ્યક્ત કરી છે. આજે લેવાયેલી ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની અંગ્રેજી વિષયની બોર્ડ પરીક્ષામાં 'આરોગ્ય' (Health) વિષય પર નિબંધ પૂછવામાં આવ્યો હતો. હાલમાં આધુનિક જીવનશૈલી, તણાવ અને અનિયમિત આહારને કારણે આરોગ્ય સંબંધિત સમસ્યાઓ દિનપ્રતિદિન વધી રહી છે, ત્યારે આવા સમયસર અને સુસંગત વિષય પર નિબંધ આવતાં વિદ્યાર્થીઓમાં ખુશી અને રાહત જોવા મળ્યા હતા. વિદ્યાર્થીઓએ જણાવ્યું કે, "આરોગ્ય પર નિબંધ પૂછાયો તે

...અનુસંધાન પાના ૯ પર

વર્ગ-૧૦ ગણિતનું પેપર સંતુલિત રહેતા પાસિંગ રેશિયો વધશે

બીજી તરફ, વર્ગ-૧૦ના મૂળભૂત ગણિત વિષયનું બોર્ડ પેપર પણ મધ્યમથી સરળ સ્તરનું રહ્યું હતું. સમગ્ર પ્રશ્નપત્ર પાઠ્યપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓને જવાબો શોધવામાં અને લખવામાં વિશેષ સરળતા અનુભવાઈ હતી. પેપરના દરેક વિભાગમાં પ્રશ્નો મોટા ભાગે ટેક્સ્ટબુકમાંથી જ આવ્યા હતા. વિભાગ A (સેક્શન A)માં ૧-૨ પ્રશ્નોમાં થોડા ટ્વિસ્ટ સાથે પૂછવામાં આવ્યા હતા, પરંતુ સારી તૈયારી કરેલા વિદ્યાર્થીઓ માટે ૨૪માંથી ૨૪ ગુણ મેળવવા સરળ હતા. વિભાગ B, C અને Dમાં કોઈપણ પ્રકારની વિશેષ મુશ્કેલી ઉભી થતી નથી જોવા મળી. બોર્ડ દ્વારા જારી કરાયેલા માળખા અને બ્લુપ્રિન્ટને પેપરમાં સંપૂર્ણ રીતે અનુસરવામાં આવ્યા હતા, જેના કારણે વિદ્યાર્થીઓને જનરલ વિકલ્પના પ્રશ્નો

...અનુસંધાન પાના ૯ પર

આટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા

બોર્ડના ધોરણ 10ના બેઝિક ગણિતના પેપરમાં આજે કુલ 78,730માંથી 77,658 વિદ્યાર્થી હાજર રહ્યા હતા, જ્યારે 1,072 વિદ્યાર્થી ગેરહાજર હતા. તેવી જ રીતે ધોરણ 12 સામાન્ય પ્રવાહના સમાજશાસ્ત્રના પેપરમાં કુલ 7,370 વિદ્યાર્થીમાંથી 7265 વિદ્યાર્થી હાજર રહ્યા હતા અને 105 વિદ્યાર્થી ગેરહાજર હતા. જ્યારે ધોરણ 12 સાયન્સમાં

...અનુસંધાન પાના ૯ પર

ત્રણ વખત પ્રિલિમ્સ પાસ અને એક વખતની નિષ્ફળતા બાદ પાંચમા પ્રયાસે

UPSCમાં સુરતના સબરજિસ્ટ્રાર અને મૂળ ગણદેવીના વતનીનો ૭૦૯ AIR

2020માં બીઈની ડિગ્રી મેળવ્યા બાદ સિવિલ સર્વિસિસની પરીક્ષા માટે સતત મહેનત કરી

કોલેજના અભ્યાસ દરમિયાન સતત જનરલ નોલેજ, કરંટ અફેર્સના વાંચનની ટેવ પાડી હતી

સુરત,બીલીમોરાઃ UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૫નું અંતિમ પરિણામ જાહેર થયું છે, જેમાં મૂળ નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના નાંદરખા ગામના વતની અને હાલ સુરતમાં સબ રજિસ્ટ્રાર તરીકે ઉધના સબ રજિસ્ટ્રાર કચેરીમાં

...અનુસંધાન પાના ૯ પર

છ વર્ષથી UPSCની પરીક્ષાની તૈયારી કરતો હતો, અખબારોના લેખોમાંથી પ્રેરણા મેળવી : મિહિર પટેલ

મિહિર પટેલે જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા 6 વર્ષથી UPSCની પરીક્ષાની તૈયારી કરતાં હતાં. પિતા સ્વ.રાજેન્દ્રભાઈના આગ્રહથી પોતે નાનપણથી જ નિયમિત ન્યુઝ પેપર વાંચતા હતા. અને તેમાં છપાતા કલેક્ટર કે કમિશનરના લેખોમાં તેમણે કરેલા અભ્યાસ, સંઘર્ષભર્યા પરિશ્રમથી ખૂબ પ્રેરણા મળતી હતી. કોલેજના અભ્યાસ દરમિયાન જનરલ નોલેજ, કરંટ અફેર્સના વાંચનની ટેવ પાડી હતી. તેમણે કહ્યું કે, મારી મમ્મી સરકારી શાળામાં શિક્ષિકા છે અને મારા સ્વર્ગસ્થ પિતા હંમેશાથી મને મોટાં સરકારી અધિકારી બનાવવા માંગતા હતા. માતા સરકારી શાળામાં શિક્ષિકા છે અને મોટી બહેન સાથે પરિવારે સતત પ્રોત્સાહન આપ્યું છે. પિતાનું સ્વપ્ન હતું કે પુત્ર મોટો સરકારી અધિકારી બને, જે આજે પૂર્ણ થયું છે.

સ્વનિરીક્ષણ અને સતત સુધારાથી આગળ વધી શકાય છેનો મિહિર પટેલનો મંત્ર

મિહિર પટેલે જણાવ્યું કે, UPSCમાં સફળતા માટે શિસ્તબદ્ધ નિયમિત તૈયારી, સકારાત્મક અભિગમ અને સારું મિત્ર વર્તુળ અત્યંત જરૂરી છે. તેઓ સાપ્તાહિક, માસિક અને દૈનિક આયોજન

...અનુસંધાન પાના ૯ પર

હીરામાં ખોટ ગઈ તો સટ્ટો શરૂ કર્યો

પાલના વિમલનાથ વ્યૂ એપાર્ટમેન્ટમાં શાહ બંધુ ભારત-ઈંગ્લેન્ડની ટી-20 પર સટ્ટો રમાડતાં રંગેહાથ ઝડપાઈ ગયા

દુબઈ અને મુંબઈના બુકીઓ સાથે લિંક હોવાનો ઘટસ્ફોટ, ત્રણને વોન્ટેડ જાહેર કરાયા

સુરતઃ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ટી ટ્વેન્ટી ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડતી ટોળકીને ડીસીબી પોલીસે બાતમી આધારે પકડી પાડી છે. બે સગાભાઈ મુંબઈ અને દુબઈના ત્રણ મુખ્ય બુકીઓ મારફતે સટ્ટો રમાડતા હતા.

ડીસીબી પોલીસને બાતમી મળી હતી કે પાલ સ્થિત વિમલનાથ વ્યૂ એપાર્ટમેન્ટમાં ક્રિકેટ સટ્ટાનું મોટું નેટવર્ક ચાલી રહ્યું છે. તો પોલીસે ફ્લેટ નંબર સી-303માં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન બેડરૂમમાં બે ઈસમ નાના સ્ટડી ટેબલ પર 18 જેટલા મોબાઈલ ફોન અને લેપટોપ સાથે લાઈવ મેચ પર રન, ઓવર અને હાર-જીતના સોદા કરતા રંગેહાથ પકડાઈ ગયા હતા. ઝડપાયેલા આરોપી ધવલ અરવીંદભાઈ શાહ (ઉં.વ. 49, રહે.વિમલનાથ વ્યૂ એપાર્ટમેન્ટ, એલ.પી. સવાણી રોડ, પાલ) અને મનીષભાઈ અરવીંદભાઈ શાહ (ઉં.વ. 45,રહે. 102, શ્રીપાલ રેસીડન્સી, એલ.પી. સવાણી રોડ, શ્યામલ બંગ્લોઝ પાસે, પાલ) હોવાની ઓળખ થઈ હતી.

પોલીસ પૂછપરછમાં ચોંકાવનારી વિગત બહાર આવી છે કે આ બંને ભાઈ અગાઉ હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. જો કે, ધંધામાં મોટી ખોટ જતાં દેવું ભરવા અને ટૂંકા સમયમાં વધુ નાણાં કમાવાની લાલચે તેઓ સટ્ટાના રવાડે ચઢ્યા હતા. તેઓ dollar365.com, DMS અને GYM જેવી એપ્લિકેશન અને લિંક દ્વારા ગ્રાહકોને સટ્ટો રમાડતા હતા. પોલીસે સ્થળ પરથી 18 નંગ મોબાઈલ ફોન (કિંમત રૂ. 81,000), રાઉટર, ચાર્જર અને અન્ય સાહિત્ય મળી કુલ રૂ. 84,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પૂછપરછ દરમિયાન આરોપીઓએ dollar365.com સહિતની સાઇટો માટેની આઈડી મુંબઈના 'મિત્તલ' નામના વ્યક્તિ પાસેથી મેળવી હોવાનું જણાવ્યું હતું. તેમજ DMS એપ્લિકેશન 'સુરતના જલીયાન' અને GYM એપ્લિકેશન દુબઈના વિનાયક' નામના વ્યક્તિ મારફતે મેળવેલી હોવાનું પણ સામે આવ્યું છે. આ ત્રણેય વ્યક્તિને પોલીસએ વોન્ટેડ જાહેર કર્યા છે.

1 એપ્રિલથીAIXની સુરત-દિલ્હીની વધુ એક ફ્લાઇટ

સુરત-દિલ્હી રૂટ પર ઉડાનોમાં વધારો, હવે ઇન્ડિગો અને એર ઇન્ડિયા એક્સપ્રેસની મળી કુલ 7 ફ્લાઇટ થઇ

સુરતઃ સુરત અને દિલ્હી વચ્ચે હવાઈ જોડાણ વધુ મજબૂત બનવા જઈ રહ્યું છે. 1 એપ્રિલથી એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા દિલ્હી-સુરત રૂટ પર વધુ એક દૈનિક ફ્લાઇટ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ નવી ફ્લાઇટ શરૂ થતાં સુરત અને દિલ્હી વચ્ચેની કુલ ફ્લાઇટોની સંખ્યા વધીને કુલ 7 થશે, જે મુસાફરો માટે અનુકૂળતા વધારશે.

સૂત્રોના જણાવ્યા મુજબ એર ઈન્ડિયા એક્સપ્રેસની નવી ડેઈલી ફ્લાઇટ દિલ્હીથી સવારે 5:00 વાગ્યે રવાના થઈ સુરત એરપોર્ટ પર સવારે લગભગ 6:45 વાગ્યે પહોંચશે. ત્યારબાદ સુરતથી સવારે 7:15 વાગ્યે ફરી દિલ્હી માટે ઉડાન ભરી લગભગ 9:05 વાગ્યે દિલ્હી પહોંચશે.

હાલમાં સુરત-દિલ્હી રૂટ પર ઈન્ડિગો અને એર ઈન્ડિયા એક્સપ્રેસ એમ બે એરલાઈન સેવા આપે છે. ઈન્ડિગો દ્વારા સુરતથી દિલ્હી માટે દૈનિક અંદાજે 4 સીધી ફ્લાઇટો ચલાવવામાં આવે છે, જ્યારે એર

...અનુસંધાન પાના ૯ પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

અનાવિલ અવસાન

દિલગીરી સહ જણાવવાનું કે મારા ભાઈ શ્રી અતુલભાઈ છોટુભાઈ દેસાઈ (કોસંબા ભાગડા) હાલ ડલાસ, અમેરિકા (USA) નું તા. ૦૧/૦૩/૨૦૨૬, રવિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

: સદ્ગતનું સંયુક્ત બેસણું / પ્રાર્થના સભા :
તા. ૦૮/૦૩/૨૦૨૬, રવિવાર, સાંજે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે
સ્થળ : ઈચ્છાબા (અનાવિલ સમાજની) વાડી, તીથલ રોડ, વલસાડ મુકામે રાખવામાં આવેલ છે.
(નોંધ : પોત પડિકા તથા લૌકિક રિવાજ સદંતર બંધ છે.)

સ્વ. અતુલભાઈ છોટુભાઈ દેસાઈ
સ્વ. તા. ૦૧-૦૩-૨૦૨૬

લિ.
ગં.સ્વ. ચેતનાબેન અતુલભાઈ દેસાઈ (પત્ની) (USA)
સ્વ. દિલીપભાઈ છોટુભાઈ દેસાઈ (ભાઈ) ગં.સ્વ. દિવ્યાબેન દિલીપભાઈ દેસાઈ (ભાભી)
ઉદયભાઈ છોટુભાઈ દેસાઈ (ભાઈ) આરતીબેન ઉદયભાઈ દેસાઈ (ભાભી)
નિશીત અતુલભાઈ દેસાઈ (પુત્ર) (USA) ભાવિકા નિશીત દેસાઈ (પુત્ર વધુ) (USA)
તન્મય કિરણભાઈ દેસાઈ (જમાઈ) (USA) એશા તન્મય દેસાઈ (પુત્રી) (USA)
કંદર્પ દિલીપભાઈ દેસાઈ (ભત્રીજો) પ્રાચી કંદર્પ દેસાઈ (ભત્રીજા વહુ)
પ્રણવ ઉદયભાઈ દેસાઈ (ભત્રીજો) વૃંદા પ્રણવ દેસાઈ (ભત્રીજા વહુ)
આશી - શાન - અહાના
તથા સમસ્ત સ્વ. ભિખુભાઈ (છોટુભાઈ) પરાગજી પરિવાર
કોસંબા ભાગડા, વલસાડ - ૩૯૬ ૦૦૧.

શ્વસુર પક્ષ : સ્વ. ગુણવંતભાઈ મગનભાઈ દેસાઈ, ગં.સ્વ. વિરૂબેન ગુણવંતભાઈ દેસાઈ, ભદેલી (હાલ USA) | કંદર્પભાઈ 98253 11311 | ઉદયભાઈ 98258 01903

જયદીપ ઈન્ડસ્ટ્રીઝ : D2 / 92-95, ભગવતી નગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નવજીવન ઓટોમોટીવ શો-રૂપ પાસે, ભેસતાન, સુરત.

શ્રી સુરતી મોઢ વણિક અવસાન

સ્વ. સરોજબેન પ્રવિણચંદ્ર મોદી
સ્વ.તા. ૦૬/૦૩/૨૦૨૬

સખેદ જણાવવાનું કે અમારા પૂ. માતૃશ્રી શ્રીમતી સરોજબેન પ્રવિણચંદ્ર મોદી નું. તા. ૦૬/૦૩/૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્ગતની પ્રાર્થના સભા શનિવાર તા. ૦૭/૦૩/૨૦૨૬ ના દિવસે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન રાખવામાં આવી છે.
પ્રાર્થના સભાનું સ્થળ : BPAH Hall, પાંજરાપોળની બાજુમાં, BSNL ઓફિસની સામે, ઘોડદોડ રોડ, સુરત.

લિ.
સ્વ. પ્રવિણચંદ્ર પ્રભુદાસ મોદી
કેતન પી. મોદી, નિરજ પી. મોદી
રૂપલ કે. મોદી, પિંકી નિ. મોદી
આદિત્ય કે. મોદી, અદિતી મ. ત્રિવેદી
જૂહી આ. મોદી, મહર્ષિ જે. ત્રિવેદી
પાર્થ કે. મોદી, કૃષ્ણ નિ. મોદી
સમસ્ત પ્રભુદાસ ભાઈચંદ મોદી પરિવાર યાશી કે. મોદી

ક્ષત્રિય દુઃખદ અવસાન/બેસણું

સ્વ. મુકુન્દભાઈ નગીનદાસ ખમણીવાલા
જન્મ તા.૧૬-૦૨-૧૯૪૨
સ્વ.તા.૦૫-૦૩-૨૦૨૬
ફાગણ વદ બીજને ગુરૂવાર

દિલગીરી સહ જણાવવાનું કે, અમારા પૂ.પિતાશ્રી મુકુન્દભાઈ નગીનદાસ ખમણીવાલાનું તા.૦૫-૦૩-૨૦૨૬ નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતની સ્મશાન યાત્રા તા.૦૭-૦૩-૨૦૨૬ ને શનિવારે સવારે ૯-૦૦ કલાકે અમારા નિવાસસ્થાનેથી રામનાથ ઘેલા, ઉમરા મુકામે નીકળશે અને બેસણું તા.૦૮-૦૩-૨૦૨૬ ને રવિવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે સીંગાપુરીની વાડી, એ.સી.હોલ, રૂસ્તમપુરા, સુરત ખાતે રાખેલ છે.

લિ. ગં.સ્વ.ચંપાબેન મુકુન્દભાઈ ખમણીવાલા (પત્ની)
ભાવેશભાઈ મુકુન્દભાઈ ખમણીવાલા (પુત્ર) | જયશ્રીબેન ભાવેશભાઈ ખમણીવાલા (પુત્રવધુ)
યોગેશભાઈ મુકુન્દભાઈ ખમણીવાલા (પુત્ર) | નીતાબેન યોગેશભાઈ ખમણીવાલા (પુત્રવધુ)
વિનોદભાઈ મુકુન્દભાઈ ખમણીવાલા (પુત્ર) | મિતાબેન વિનોદભાઈ ખમણીવાલા (પુત્રવધુ)
કિરીટકુમાર જેન્તીભાઈ ડાકોરીયા (જમાઈ) | લીનાબેન કિરીટકુમાર ડાકોરીયા (પુત્રી)
રામ ભાવેશ ખમણીવાલા (પૌત્ર) | મૈત્રી રામ ખમણીવાલા (પૌત્રવધુ)
હરી ભાવેશ ખમણીવાલા (પૌત્ર) | જેનીષા હરી ખમણીવાલા (પૌત્રવધુ)
વિશાલ વિનોદ ખમણીવાલા (પૌત્ર) | કૃતિ વિશાલ ખમણીવાલા (પૌત્રવધુ)
કુશલ યોગેશભાઈ બંદરીયા (જમાઈ) | તુલશી કુશલ બંદરીયા (પુત્રી)
વિયાંશ, વેદ, રાયા | ધ્યાના, જહાન (પ્રપૌત્ર)
અમી વિનોદ ખમણીવાલા (પૌત્રી) રીશી યોગેશ ખમણીવાલા (પૌત્ર) ધ્રુવ યોગેશ ખમણીવાલા (પૌત્ર)

સમસ્ત ખમણીવાલા પરિવાર
નિવાસસ્થાન : ઘર નં.૨૪૮-૨૪૯, સાંઈ રચના સોસાયટી, પાલ, અડાજણ, સુરત.

પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

આપનો પ્રેમાળ અને માયાળુ સ્વભાવ, ધાર્મિકતા, સર્વ સાથે આત્મીયતા, સદ્ભાવના સાથેની પ્રેરણા, એ ક્યારેય ભુલાશે નહીં
આપ અમારી સાથે જ છો અને
ક્યારેય ના વિસરાય એવી સ્મૃતિમાં અંકીત છો.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

ગં.સ્વ. શકુંતલાબેન જયવદનભાઈ દેસાઈ (પત્ની)
લતાબેન પ્રવિણભાઈ દેસાઈ (ભાભી) | પ્રવિણભાઈ ડાહ્યાભાઈ દેસાઈ (ભાઈ)
ભારવી નિશિથ દેસાઈ (પુત્રવધુ) | નિશિથ જયવદનભાઈ દેસાઈ (પુત્ર)
હેમા મિલન દેસાઈ (પુત્રી) | મિલન વિરેન્દ્રભાઈ દેસાઈ (જમાઈ)
શીતલ કૃણાલ દેસાઈ (ભત્રીજાવહુ) | કૃણાલ પ્રવિણભાઈ દેસાઈ (ભત્રીજો)
પ્રિયાંશ, ધ્વનીલ, મિતાંશ, જોયલ, ઈશીકા, પ્રીત

સ્વ. જયવદનભાઇ ડાહ્યાભાઇ દેસાઇ
સ્વ. તા. ૦૭/૦૩/૨૦૨૫
નિવાસસ્થાન : 128, સૌરભ સોસાયટી, શિવાર્લીક વેસ્ટર્ન પાછળ, એલ. પી. સવાણી રોડ, પાલ, સુરત.



અંજલિ

આપના ઉત્તમ કાર્ય અને નિઃસ્વાર્થ સેવાથી સુશોભિત આપની સ્મૃતિ અમારા સૌના અંતઃકરણમાં અનંતકાળ સુધી પ્રજ